

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ગરજે એકમેકની કજોડાં સફળ થાય છે,
પાપની લાહ્યમાં, મુક્તિ માટે જ સૌ ગંગા નાહ્ય છે
ખાય છે ઘાસ, સિંહ અને કૂતરાં સત્તાની ભૂખે -
વાઘ, ગાય, બકરી - એક નાવમાં તરી જાય છે...
(સ્નેહનું ઠગબંધન)

હાઈકુ

લડતી આંખો...
ફફડાવશે પાંખો -
ઉડશે આભે...

મુશ્કેલ માર્ગે
ડગલે ને પગલે -
લાગશે ઠેંસો...

### ચિંતન

*જિહ્વા તો બન્ધન દેઈ, બહુ બોલન નિરુવાર;*
*સારથી સો સંગ કરી, ગુરુમુખ શબ્દ વિચાર.*

**ઉપરોક્ત સાખી કહત કબીરમાંથી લેવામાં આવેલ છે.**

**આત્માનંદ અને મોક્ષ પામવા માટે અસત્ય કપટ વગેરે ત્યાગી, સત્કર્મ, સત્યવચન અને સત્યનિષ્ઠા અપનાવવી એ જ શ્રેષ્ઠ માર્ગ છે. સત્યવચન ઉચ્ચારવા માટે સત્યવક્તા બનવું જરૂરી છે. એ માટે કબીર કહે છે કે સત્યવક્તા બનવા માટે પ્રમાણસર અને હિતકારી શબ્દો જ બોલવાનો નિયમરુપી બંધનમાં તમારી જીભને રાખીને વધારે પડતું બોલવાનું ત્યાગો. તમારા ઈંદ્રિયરૂપ ઘોડાને મનરુપી લગામથી પકડીને વશ કરવાવાળી સુબુદ્ધિનો સંગ કરો. જે શબ્દો તમે સદ્ગુરુને મુખેથી સાંભળ્યા છે તે શબ્દોનો વિચાર કરો તથા સદ્ગુરુસુપ સારથી જે તમને સાચા માર્ગે ચલાવવાવાળા છે. તેના સંગમાં રહી તેમણે ઉપદેશરૂપે ઉચ્ચારેલા શબ્દોનું મનન અને ચિંતન કરો.**

### સુવિચાર

- ઉઠો તો એસે ઉઠો કે ફક્ર હો બુલંદી કો, ઝુકો તો ઐસે ઝુકો બંદગી ભી નાઝ કરે - **ઈમરાન અશર**
- એવું નથી કે, દીપક તળે જ અંધારું હોય, અંધકાર ને ખૂણે પણ, આશાનું કિરણ હોય - **અબીબઅલી સાફરાની**
- ‘તું જે જે કરે છે, તેની પ્રતિક્રિયા તને દંડ આપ્યા કરજે, મારે તને દંડ આપવા આવવું પડતું નથી’ એમ ભગવાન કહે છે - **બોધિવૃક્ષ**
- સવાલ : મોક્ષ કયારે થશે ? જવાબ : તમારું જ્ઞાન, તમારી સમજણ ભૂલ વગરની થશે ત્યારે - **સાધુ આનંદસાગર**
- જયાં ઝાડું પહોંચતું નથી ત્યાં ધૂળ એની મેળેથી અદશ્ય નહીં થાય - **ચીની કહેવત**
- બદમાશની રીતે સંપત્તિ મેળવવી એ સહેલી વાત છે, પરંતુ સદ્ગૃહસ્થની રીતે તેને ખર્ચી નાખવી એ વધુ અઘરું છે - **કોલ્ટન**
- આજનું ઔષધ : ઘઉંને બાર કલાક પાણીમાં પલાળીને તેને વાટીને ખડી સાકર નાખીને હલવો બનાવીને ખાવાથી પેશાબ છૂટથી આવે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગામમાં એક વૃદ્ધ માણસ રહેતો. તે હંમેશા દુઃખી રહેતો. આખા ગામમાં કોઈને તેને હસતો કદી જોયો ન હતો. એ કાયમ કમનસીબી અને દુઃખની વાતો કર્યા કરતો. આથી ગામના લોકો કંટાળી ગયા હતા. સતત દુઃખના ભારથી જીવવાને કારણે એના વાણી વર્તન પણ કડવા થઈ ગયા હતા. એકવાર ગામના ચોકમાં સૌ ગ્રામજનોના આશ્ચર્ય વચ્ચે એ માણસ ખુશીથી નાચી રહ્યો હતો. તેને કોઈ ફરિયાદ નહોતી. નહોતો કોઈ સાથ ઝઘડો. પહેલી વાર તેના મોઢા પર ખુશી જોઈ ગામના એક વડીલે તેમને અચાનક આવેલી ખુશીનું કારણ પૂછ્યું કે આટલા વર્ષોમાં તમે સતત દુઃખમાં હતા અને આજે અચાનક ખુશીથી નાચવા લાગ્યા તો કારણ શું છે ?’ વૃદ્ધે જવાબમાં કહ્યું, ‘આજે મારો એંસીમાં વર્ષમાં પ્રવેશ થયો છે. વર્ષોથી હું સતત એક પછી એક ખુશીના પાછળ દોડતો રહ્યો. પણ કાયમ ખુશી મારાથી આગળ દોડતી રહી. નાની નાની ખુશી મળી પણ મોટી ખુશી કદી ના મળી. હું કાયમ ફરિયાદ કરતા કરતા દુઃખમાં જ જીવ્યો. પણ ગઈકાલે રાત્રે મને વિચાર આવ્યો અને મેં નક્કી કર્યું કે ખુશી નથી મળી તો હવે હું જ ખુશીની આશા છોડી દઉં. જવા દઉં. આનંદ... સુખ વિના જે થોડું જીવન બાકી છે તે મારી રીતે જીવી જોઉં. અને બસ રાત્રે સૂઈ ગયો. સવાર પડી. આજે તો ખુશી પાછળ દોડવાનું કોઈ જ કારણ ન હતું... બસ એટલે જ મનમાં જાતે જ ખુશી ઊગી નીકળી કે ખુશ રહો... જીવનને માણો.... અને બસ આજે હું એજ કરી રહ્યો છું. ભલે મને આ જ્ઞાન એંસી મેં વર્ષે થયું પણ આપ સમજી લેજો આજથી જ માણવાનું શરુ કરી દેજો.’

# રોઝ ઈઝ અ રોઝ ઈઝ અ રોઝ

તંત્રીસ્થાનેથી...

શેક્સપિયરે કહ્યું છે એમ ગુલાબને ગમે તે નામે ઓળખો તો પણ એ ગુલાબ જ રહેશે. રાષ્ટ્રવાદના અતિરેકનુંપ્રદર્શન કરવાનો પ્રયોગો થતા રહ્યા છે અને ભવિષ્યમાં થતા રહેશે. રશિયામાં ઝારશાહી પછી કેટલાંક શહેરોનાં નામ બદલવામાં આવ્યા હતા. ગુજરાતમાં બરોડા અને બડૌદાને ગુજરાતી ‘વડોદરા’ બનાવી દેવાયું છે. અંગ્રેજીમાં ખંભાતને ‘કેમ્બે’ કહેવાતું તે બદલીને ખંભાત બનાવી દેવાયું છે અને ‘બ્રોચ’ને ભરૂચ. ભરૂચ માટે હિંદીમાં ‘ભડૌચ’ જેવું ભદ્દું નામકરણ થયેલું તે બદલાયું એનો આનંદ જરૂર હોય પરંતુ અમદાવાદ જેવા છસો વર્ષથી પુરાણા નવાબી શહેરને ‘કર્ણાવતી’ બનાવવાનું સપનું તો ખુદ ભાજપ શાસનમાં પણ સિદ્ધ થઈ શક્યું નથી. કદાચ ભારતીય જનતા પાર્ટીએ પણ એ ‘પ્રોજેક્ટ’ પડતો મૂક્યો છે. અમદાવાદ હવે વિશ્વનાં હેરિટેજ નગરોમાં સમાવિષ્ઠ થઈ ચૂક્યું છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હવે ઉત્તરપ્રદેશનાં શહેરોનાં નામકરણ બદલવાનો યોગ કરી રહ્યા છે. ઈતિહાસ પ્રસિદ્ધ મુગલસરાયનું નામ બદલીને એમણે જનસંઘ-ભાજપના આદિપુરુષ દીનદયાળ ઉપાધ્યાયના નામ પર ફેરવી દીધું છે. અલ્હાબાદનું નવું નામ ‘પ્રયાગરાજ’ છે, જે હકીકતમાં ત્રિવેણી સંગમને કારણે પ્રજામાં લોકપ્રિય હતું જ. એમણે ફૈઝાબાદનું નામ અયોધ્યા કરી દીધું છે. હકીકતમાં અયોધ્યા જ લોકશ્રુતિમાં વધુ સાચું નામકરણ ગણાય પરંતુ મોગલ શાસન દરમિયાન નવાબો અને સૂબાઓના નામે ઢગલાબંધ નામો ઉમેરાયાં એ પૈકી ફૈઝાબાદ પણ અસ્તિત્વમાં આવ્યું હશે. હવે નામોનું ભગવાકરણ કરી પ્રજાને એની હજારો વર્ષ પુરાણી ગરિમાનો અહેસાસ કરાવવાનો સરકારી પ્રયોગ કેટલો કારગત નીવડશે તે પ્રશ્ન જ છે. છેલ્લે યોગીજીને ઊપડેલી સનક આગ્રા જેવા વિશ્વપ્રસિદ્ધ નગર પર જઈને ઠરી છે. એમણે આગ્રા નામ કેવી રીતે પડ્યું એનું સંશોધન કરવા ઈતિહાસકારોની ટીમ કામે લગાડી દીધી છે. ‘આગ્રા’નું મૂળ નામ ‘અગ્રવન’ હતું એવું પ્રસ્થાપિત થયા પછી હવે એનું નામ બદલવાની પ્રક્રિયા હાથ ધરાશે ! હવે તાજમહાલ આગ્રામાં નહીં પણ અગ્રવન નગરમાં છે એવું નવી પેઢીનાં ભટૂરિયાંને ભણાવાશે ! શું એથી રાષ્ટ્રવાદ વધુ મજબૂત થશે ? શું એથી કોંગ્રેસનો એકડો સદંતર ભૂંસી શકાશે ? માયાવતીને પણ સત્તાનાં કેન્દ્રમાં ઉત્તરપ્રદેશનાં શહેરોનાં નામ બદલીને દલિત મહાપુરુષોનાં નામો સાથે જોડાવાની ધૂન ઊપડી હતી. એમણે તો નોએડા માટે ગૌતમ બુદ્ધનગર અને અન્ય કેટલાંક શહેરો માટે મહાત્મા જયોતિબા ફુલે નગર જેવાં નવા નામો ચલણી બનાવ્યાં પણ હતા. આ મનોવૃત્તિ કેટલી ઉપકારક લેખાય તે ચર્ચાનો વિષય છે. કયારેક દેશની રાજધાની દિલ્હીનું નામ ‘ઈન્દ્રપ્રસ્થ’ કરવાની દરખાસ્ત પણ રાષ્ટ્રવાદી સરકાર લાવી શકે છે! એમ તો બંગાળી ઉચ્ચારો મુજબ કલકત્તાનું નામ મમતા બેનરજીએ કોલકાત્તા કરી જ નાખેલું છે અને મદ્રાસનું નવું - મૂળે બહુ જૂનું જ હશે - નામ ચેન્નાઈ હવે ચલણી બની જ ગયું છે. બેંગલોરનું બંગાલુરુ અને પૂનાનું પૂણે આવાં જ અન્ય ઉદાહરણો છે.

# નિર્ણય પાછળનું રહસ્ય...



નવાં કલેવર
નટવર હેડાઉ

એક શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને વાર્તા સંભળાવી રહ્યા હતા. એકવાર દરિયાની વચ્ચે એક મોટું વહાણ તરતાં તરતાં હિમશીલા સાથે ટકરાઈ ગયું અને મોટો અકસ્માત સર્જાયો. કેપ્ટને વહાણ ખાલી કરવાનો આદેશ કર્યો. વહાણમાં એક યુવા દંપતી હતું ! જયારે લાઈફબોટમાં ચડવાનો સમય આવ્યો ત્યારે જોયું તો જીવનરક્ષક નાવડીમાં માત્ર એક વ્યક્તિ માટે જ જગા બાકી હતી. તે વખતે પેલા પુરુષે પત્નીને એક તરફ કરી પોતે નાવમાં કુદી પડ્યો. ડૂબતા વહાણમાં ઉભેલ પત્ની એ જઈ રહેલા તેના પતિને બૂમ પાડી એક વાક્ય કહ્યું.

હવે શિક્ષકે જરા અટકીને વિદ્યાર્થીઓને પૂછ્યું ‘તમને લોકો શું લાગે છે. પેલી સ્ત્રીએ તેના પતિને શું કહ્યું હશે ?’

મોટાભાગના વિદ્યાર્થીઓ તરત બોલી પડ્યા. ‘સ્ત્રી એ કહ્યું હશે કે હું તને નફરત કરું છું.’

શિક્ષકે જોયું તો એક વિદ્યાર્થી બિલકુલ શાંત બેઠો હતો. શિક્ષકે તેને પૂછ્યું, ‘તું કહે, તને શું લાગે છે?’ તે છોકરો બોલ્યો. ‘મને એમ લાગે છે કે પેલી સ્ત્રીએ કહ્યું હશે કે આપણાં બાળકોનું ધ્યાન રાખજો.’

શિક્ષકને આશ્ચર્ય થયું. તેમે છોકરાને પૂછ્યું, ‘શું આ વાર્તા તે પહેલાં કયાંક સાંભળેલી ?’

છોકરાએ કહ્યું, ‘ના સર, પરંતુ આ જ વાત માંદગીમાં મૃત્યુ પામતી મારી માંએ મારા પિતાને કહી હતી.’ શિક્ષકે દુઃખપૂર્વક કહ્યું, ‘તારો જવાબ સાચો છે.’

શિક્ષકે વાર્તાને આગળ વધારી ‘વહાણ ડૂબી ગયું અને સ્ત્રી મરી ગઈ. પતિ કિનારે પહોંચી ગયો અને તેણે પોતાનું બાકી જીવન પોતાની એક માત્ર પુત્રીના લાલન-પાલનમાં સમર્પિત કરી દીધું.’

ઘણાં વર્ષો પછી જયારે તે વ્યક્તિ પણ મૃત્યુ પામ્યો તે પછી એક દિવસ ઘરમાં સાફસફાઈ કરતાં તેની દીકરીને પિતાની એક ડાયરી મળી.

ડાયરી વાંચતાં તેને ખબર પડી કે જે સમયે તેનાં માતા-પિતા પેલા વહાણમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેનીમાં એક જીવલેણ રોગથી પીડાતી હતી અને તેના જીવનના માત્ર થોડા જ દિવસ બાકી હતા.

આવા મુશ્કેલ સમયે તેના પિતાએ એક કઠોર નિર્ણય લીધો. અને લાઈફબોટમાં કુદી પડ્યા. તેના પિતાએ ડાયરીમાં પત્ની માટે લખ્યું કે ‘તારા વિના મારા માટે જીવન જીવવાનો કોઈ મતલબ નથી. હું તો તારી સાથે જ દરિયામાં સમાઈ જવા માંગતો હતો. પરંતુ દીકરી માટે થઈને તને મુકીને જવું પડ્યું.’

યુવાનના નિર્ણય પાછળ છુપાયેલા રહસ્ય ને જાણીને આખા વર્ગમાં શાંથી પ્રસરી ગઈ.

# લિયો ટોલ્સટોય : જેમના જીવનથી ગાંધીજી પ્રેરાયા હતા

વિશ્વ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યું છે ત્યારે ભારતમાંથી અંગ્રેજોના શાસનને દુર કરવા માટે અહિંસક સવિનય કાનૂનભંગનો ખ્યાલ



ગાંધીજીએ મહાન રૂસી લેખક લિયો ટોલ્સટોય અને હેન્રી ડેવિડ થોરો પાસેથી મેળવ્યો હતો અને તેના દ્વારા તેમણે બ્રિટીશ રાજ્યની હકાલપટ્ટી કરી ભારતને સ્વતંત્ર બનાવ્યું. રશિયાના મહાનચિંતક અને સાહિત્યકાર લિયો ટોલ્સટોયનો જન્મ યાસનાયા-પોલિયાના ગામમાં નવમી સપ્ટેમ્બર ૧૮૨૮માં થયેલો. એરિસ્ટોક્રેટ ફેમિલીમાં આવતા લિયો ટોલ્સટોય એલેક્ઝાન્ડર પુશ્કિનના ચોથા પિતરાઈ ભાઈ હતા.

તેમનું સાહિત્ય વિશ્વના અગ્રણી લેખકોમાંનું એક હતું. તેમના દ્વારા લખાયેલ ‘ વૉર એન્ડ પીસ’ અને ‘એન્ના કેરેનિના’ એ સાહિત્ય જગતની ઉત્કૃષ્ઠ રચનાઓ છે. ધન દોલત બધું હોવા છતાં તેઓ શાંતિ ઝંખતા હતા. ઉત્સાહપૂર્વક રશિયન લશ્કરમાં સેવા આપવા માટે સ્વૈચ્છિક રીતે જોડાયા. આ સૈનિક તરીકેના અનુભવે તેમને જીવનમાં શાંતિવાદી બનાવી દીધા. ૩૪ વર્ષની વયે તેમણે એક ડૉક્ટરની પુત્રી સોફિયા સાથે લગ્ન કરેલ. તેમના લગ્ન જીવનનો પુર્વાર્ધ ખુબ સુખદાયક રહ્યો પણ ઉત્તરાર્ધ ખુબ જ કટુકાપૂર્ણ વિત્યો હતો. આધ્યાત્મિક જીવન એ મનુષ્યને શાંતિ અને ઈશ્વરની નજીક જવા માટે છે, આ અનુભૂતિ તેમને ચર્ચમાં જવા છતાં પણ ના થઈ અને ચર્ચમાં જે ચાલી રહ્યું છે તે જોયું અને જાણ્યું અને ત્યાં થયેલ અનુભવો તેમણે ત્રેસઠ વર્ષની ઉંમરે ‘ મેડિયેટર ’પુસ્તકમાં નોંધી. અને તેનું પરિણામ એ આવ્યું કે રશિયન ચર્ચે તેમને બહિષ્કૃત કર્યા અને સરકારે તેમની જાસૂસી કરવાનું શરૂ કર્યું. તેઓ નિરુદ્દેશ, વિચારહિન અને આત્મકેંદ્રીત જીવનને એક પ્રકારનું પાપ માનતા હતા. તેઓ કહેતા કે ભગવાન પોતાની પાસે છે તેને મંદિરોમાં ન શોધો, પોતાને તેની પાસે સમર્પિત કરી દો અને સુખઃદુખથી પર થઈ જાઓ. આવા ઉચ્ચ આધ્યાત્મિક વિચારો ધરાવતા ટોલ્સટોયે જીવનમાં શાતિ મેળવવા માટે ૧૮૯૦માં પોતાની સઘળી સંપત્તિ અને પરિવારને ત્યાગી ગરીબોની સેવામાં લાગી ગયા. સાચી ઈશ્વરનિષ્ઠાથી અપરિગ્રહ આવે છે અને પોતાની તમામ અંગત સુખ-સાહીબી અને મિલકતનો ત્યાગ માગે છે. અને તેથી જ ટોલ્સટોય ૧૯મી સદીનો અંત આવતાં સુધીમાં તો તેમની દરિદ્રો અને અસહાય લોકો પ્રત્યેની તેમણી લાગણી એટલી હદ સુધી વધી કે તેમની સાહિત્ય પ્રવૃત્તિઓ અને લખાણોમાંથી જે આવક આવતી આવતી તેમાંથી પત્નીને ફકત ભરણપોષણ જેટલા પૈસા આપી બાકીના આ લોકો માટે દાન કરી દેતા હતા. તેમના જીવનના અંતિમ ચાર વર્ષની વાત રજૂ કરતી ફિલ્મ ‘ધ લાસ્ટ સ્ટેશન ‘૨૦૦૯માં બની હતી. તેમની નવલકથા ‘વૉર એન્ડ પીસ’ લખવામાં પત્નિ સોફીયાએ મદદ કરેલ. આ લખણોની રોયલ્ટી તેઓ ગરીબ અને અસહાય લોકોને આપી દેવા માગતા હતા ત્યારે સોફિયાએ વિરોધ કરેલો તે વાત આ ફિલ્મમાં રજૂ થઈ છે.

તેમનું ચિંતન ખાસ ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોમાંથી છે. મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગ ઉપર તેમના શાંતિવાદ અને અહિંસાના પ્રદર્શનનો, સરકાર વગરના શાસનના ખ્યાલની અસરનો ઊંડો પ્રભાવ હતો. ટોલ્સટોયના મૃત્યુપર્યંત ગાંધીજી અને ટોલ્સટોય એકબીજાને પત્ર દ્વારા નિયમિત મળતા રહ્યા. મહાત્મા ગાંધીજી લીઓ ટોલ્સટોયના - **The Kingdom of God Is Within You** પુસ્તકથી ખુબ જ પ્રભાવિત થયા હતા. ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા ટોલ્સ્ટોયે નાગરિક કાનૂનભંગની એક રૂપરેખા તૈયાર કરી હતી જે આપણે ભારતમાં આઝાદીની લડતના એક ભાગ? રૂપે સવિનય કાનૂનભંગમાં જોઈ શકીએ



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

છીએ. દક્ષિણ આફ્રિકામાં વસવાટ દરમ્યાન ગાંધીજી શ્રીમદ્ ભગવદ્ ગીતા અને લિયો ટોલ્સટોયના તત્વજ્ઞાનભર્યા લખાણો વાંચતા. ટોલ્સટોયે ૧૯૦૮માં કટ્ટર ભારતીય રાષ્ટ્રવાદીઓને સંબોધીને લખેલા લેખ **Letter to a Hindu** એ આપણી સ્વતંત્રતા માટેની લડત માટે ઘણો પ્રેરક અને ઉપયોગી સિદ્ધ થયો હતો. તેમાં તેમણે લખ્યું છે કે: ‘હિન્દુસ્તાન ગુલામ હોય તો એમાં દોષ હિન્દુસ્તાનનો જ છે’. તેઓ કહેતા કે લોકોએ પોતાના દુઃખમાંથી છૂટવા માટે બહારની પરિસ્થિતિ સુધારવાની પંચાતમાં પડવાને બદલે પોતાનું જીવન સુધારવાની જરૂર છે. આ જ સલાહ આપણને ગાંધીજીએ આપેલ. તેમના બે વાક્યો જીવનને સરળ બનાવવા ખૂબ જ ઉપયોગી થાય તેવા છે. ‘સમય અને ધૈર્ય બે સર્વાધિક યોદ્ધા છે અને દુનિયા બદલવાનું દરેક વિચારે છે પરંતુ પોતાની જાતને બદલવાનું કોઈ વિચારતું નથી.’ અમીર કુટુંબમાં જન્મ્યા છતાં સાદું, ધાર્મિક નીતિમય જીવન જીવ્યા. અને જીવનભર ચિંતન-ધર્મ-તત્વવિચારનો માર્ગ અપનાવ્યો તેમજ રાજાશાહીના વિઝાતા કોરડા અને ધર્મને નામે શોષાતી કચડાતી રશિયન પ્રજાને આત્મજાગૃત કરી. આધ્યાત્મિક જીવનને વરેલા આ રશિયન ખ્રિસ્તી મહાત્માએ ૨૦મી નવેમ્બર ૧૯૧૦ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી.

# કેટલાક સંબંધોની સપાટી લલચામણી અને લપસણી પણ હોય છે



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

નૌશાદજીને પોતાના વ્યવસાયિક સંબંધોને લઈને તોલરામની સાથે જે અનુભવ થયો એવા જ અનુભવો આપણને વ્યવસાયીક સંબંધોમાં, સામાજીક સંબંધોમાં અને અંગત સંબંધોમાં પણ થતા રહેતા હોય છે. તોલારામે મૂકેલા પ્રસ્તાવ પછી નૌશાદજી પાસે બે વિકલ્પો હતા. એક તરફ ફિલ્મીસ્તાન, તેના સર્વેસર્વા તોલારામ જાલન અને મોં માંગી રકમનો માસિક પગાર. તેની સામે બીજી તરફ અનિશ્ચિતતા. એક તરફ બંધન હતું તો બીજી તરફ સંપૂર્ણ સ્વતંત્રતા. તોલારામના પ્રસ્તાવિત સંબંધોની સપાટી લલચામણી પણ હતી અને લપસણી પણ.

આપણાં કૌટુંબિક કે સામાજીક સંબંધોમાં આપણી હાલત પણ ઘણીવાર નૌશાદજી જેવી જ થતી હોય છે. સંબંધોનાં રસ્તા ઉપર આપણે ઘણીવાર દોરાહા પર આવીને અટકી જતાં હોઈએ છીએ. દોરાહાથી ફંટાતા બંને રસ્તાઓ આપણાં માટે ખુલ્લા હોય છે જેમાંથી એક રસ્તો આપણે પસંદ કરવાનો હોય છે. એક રસ્તો પસંદ કર્યા પછી, એ રસ્તે ચાલી નીકળ્યા પછી ત્યાંથી પરત આવીને બીજા રસ્તે જવું ખૂબ જ કાઠિન તો ક્યારેક અશક્ય બની જતું હોય છે. આવી પરિસ્થિતિમાં નિર્ણય લેવો પણ કઠીન જ હોય છે છતાં નિર્ણય તો લેવો જ પડતો હોય છે. એકવાર નિર્ણય લઈએ પછી એ નિર્ણય સાચો હતો કે ખોટો એ તો ભવિષ્ય જ કહી શકે.

એક રસ્તે એક વ્યકિત સાથેના સંબંધો હોય તો બીજે રસ્તે બીજી વ્યકિત સાથેના સંબંધો હોય. એક રસ્તે એકાદ જ વ્યકિત, એકાદ કુટુંબ કે સંબંધોનું એકાદ વર્તુળ હોય તો બીજા રસ્તે સંબંધોનું આખું વિશ્વ આપણી રાહ જોતું હોય. એક તરફ આંખોને આંજી નાંખે એવું ઝગમગાવટવાળું સંબંધોનું વિશ્વ હોય, જાહોજલાલી હોય, ગદગદ થઈ જઈએ એવી આગતા-સ્વાગતા હોય, રંગારંગ ભર્યું વાતાવરણ હોય તો બીજી તરફ સાવ સાદગીભર્યા અને સરળ સંબંધોનું વિશ્વ હોય. કયા રસ્તાના સંબંધો ક્ષણજીવી નીવડશે અને કયા રસ્તાના સંબંધો આજીવન ટકી શકશે તેના વિષે આગાહીઓ કરવી કઠીન હોય છે છતાં નિર્ણય તો કરવો જ પડતો હોય છે. માત્ર દોરાહા ઉપર ઊભા રહીને બંને રસ્તાનાં સંબંધો માણી ના શકીએ. મહાભારતનાં યુધ્ધ પહેલા શ્રીકૃષ્ણ પાસે દુર્યોધન મદદ માટે ગયા હતા. ત્યારે તેને પણ શ્રીકૃષ્ણએ કઈક આ જ પ્રકારના વિકલ્પો આવ્યા હતા અને દુર્યોધનને નિર્ણય પણ લઈ લીધો હતો. શ્રીકૃષ્ણ સમાધાનનો પ્રસ્તાવ લઈને હસ્તિનાપુર ગયા હતા ત્યારે પણ શ્રીકૃષ્ણ પાસે મહેમાનગતી માણવાના બે વિકલ્પો હતા. એક દુર્યોધનનો રાજમહેલ અને બીજી તરફ વિદુરનું ઘર. શ્રીકૃષ્ણએ પણ ત્યારે એ કઠીન નિર્ણય ખૂબ જ આસાનીથી લઈ લીધો હતો. આપણે સૌ જાણીએ છીએ કે દુર્યોધનનો નિર્ણય કૌરવો માટે ઘાતકી નિવડયો હતો અને શ્રીકૃષ્ણનો નિર્ણય તેમના માટે લાભદાયી નિવડ્યો હતો.


નૌશાદજીને ફિલ્મ ઉદ્યોગના લગભગ બધા જ નિર્માતાઓ, દિગ્દર્શકો, સાજિંદાઓ, અભિનેતાઓ,અભિનેત્રીઓ અને ગાયકો સાથે સારા સંબંધો હતા. ફિલ્મ ઉદ્યોગમાં સૌ કોઈ નૌશાદજીનું સન્માન કરતાં અને નૌશાદજી પણ સૌને યોગ્ય માન-સન્માન આપતા. એ સમયે નૌશાદજીનું નામ અને કામ જ એવા હતા કે દરેક નિર્માતા-દિગ્દર્શક એવું ઈચ્છતા કે નૌશાદજી તેમની ફિલ્મમાં સંગીત આપે. તોલરામજીના પ્રસ્તાવ પછી નૌશાદજીએ ત્વરિત નિર્ણય લીધો. તોલારામજીએ કરેલો પ્રસ્તાવ ઠુકરાવી, મોં માંગ્યા દામ ઠુકરાવી, કદાચ તોલારામ સાથેના સંબંધોને ઠુકરાવી બાકીનાં વિશ્વથી પોતાને વિખૂટા પડતા બચાવી લીધા. એ પસંદગીના કારણે નૌશાદજીને કેટલા અને ક્યા પ્રકારના લાભ થયા કે નુકશાન થયું એ વાત નૌશાદજી જ જાણે અને એ વાત પણ અહી અસ્થાને છે.

ક્યારેક એકાદ વ્યકિત સાથે, એકાદ વર્તુળ સાથે, એકાદ વાદમાં માનનારા લોકો સાથે, એકાદ વિચારમાં જ શ્રદ્ધા રાખનાર લોકો સાથે સંબંધો રાખીને, તેઓની શરતો પ્રમાણે સંબંધો ટકાવીને આપણે ઘણીવાર આપણાં સંબંધોનું વિશ્વ બહુ સંકુચિત કરી દેતા હોઈએ છીએ. આપણાં સંબંધો સંકુચીત થાય છે પછી આપણાં વિચારો, આપણાં ધ્યેયો, આપણાં કાર્યો અને આપણો વિકાસ પણ સંકુચીત થઈ જતો હોય છે. આમ આપણાં સંકુચીત સંબંધો છેવટે તો આપણાં જીવનનાં વિકાસને વિપરિત અસર કરે છે જેનો ખ્યાલ આપણને બહુ મોડો મોડો આવતો હોય છે. સત્યનો અહેસાસ થાય છે ત્યાં સુધીમાં તો ગંગામાં અનેક પાણી વહી ગયા હોય છે, આપણાં હાથમાંથી બાજી સરી ગઈ હોય છે ત્યારે આપણે કશું જ કરી શકતા નથી સિવાય કે લાચાર થઈને પરિસ્થિતી અને પરિણામનો સ્વિકાર કરીને બેસી રહીએ.

આપણે જ્યારે સંબંધોનાં દોરાહા પર ઊભા હોઈએ છીએ, જ્યારે બે રસ્તાઓમાંથી એક રસ્તાની પસંદગીનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે આપણી પાસે નિર્ણય લેવાનો સમય ખૂબ જ ઓછો હોય એવું બને. એ સમયે વિચારવા બેસીએ તો કદાચ હાથમાંથી બંને બાજીઓ સરી જાય એવું પણ બને. એ સમયે ત્વરિત નિર્ણયશક્તિ જ આપણી મદદે આવતી હોય છે અને એ જ આપણાં સંબંધોને માત્ર આર્થિક લાભોની લાલચે, માત્ર સુખસાહ્યબી ભોગવવાના લોભમાં, માત્ર ભૌતિક સુખ માણવા માટે આપણે જો આપણાં સંબંધોને સંકુચીત કરી દઈએ તો સંબંધોનાં વિશાળ ગગનમાં વિહાર કરવાનો આનંદ આપણે ગુમાવી બેસીએ. બે-ચાર સંબંધોની વેદી ઉપર અનેકાનેક સંબંધોનું બલિદાન આપવાથી અંતે તો કશું જ પ્રાપ્ત થઈ શકતું નથી.

પસંદગી આપણાં જ હાથમાં છે, આપણે જ કરવાની છે, નિર્ણય કરીએ ત્યારેએક વાત ધ્યાનમાં રાખી શકીએ કે કેટલાક સંબંધોની સપાટી લલચામણી પણ હોય છે અને લપસણી પણ હોય છે. નિર્ણય કરીએ ત્યારે લાગણીઓ ઉપર કાબૂ રાખીને મન અને બુધ્ધિ બન્ને કામે લગાડીએ, વર્તમાન સાથે ભવિષ્યનો, ટૂંકા ગાળા સાથે લાંબા ગાળાનો પણ વિચાર કરીએ અને આપણાં સંબંધોને સાર્થક બનાવીએ.

# શ્રદ્ધા-અંધશ્રદ્ધા, તથ્યો, પુરાવા, માન્યતામાં કેદ ના બનાવો



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજના વિશ્વની સમસ્યા અને ખાસિયત એ છે કે તમામ લોકો પાસે બધુ હોવા છતાં તે સુખ અને શાંતિની શોધમાં પ્રતિદિન હતાશ થાય છે. સુખની ખોજમાં સહજ રીતે મળતી જીવનની મોજ પ્રત્યેક વ્યક્તિ ગુમાવે છે અને દોડવા છતાં, પ્રયાસો કરવા છતાં હાથમાં નિરાશા આવે છે ! આશા અને અરમાનો ના સહારે લોકો પોતાની જીવન નૈયા ને હડસેલતા રહે છે અને એક ક્ષણે કોઈક દિવસે એ એવું મહેસૂસ કરે છે કે હવે મને કંઈ ધાર્યા મુજબ પ્રાપ્ત થશે નહીં. તેથી ઉદાસીનતા, નકારાત્મકતા અને અજંપો પ્રવેશવાનું શરૂ થઈ જતું હોય છે. વિશ્વ ગમે તે હદે કુરુપ - વિકૃત થાય છતાં મહદંશે લોકો હજી કર્મના કાયદામાં માને છે અથવા તેનાથી અંકુશિત કે પ્રભાવિત થાય છે. સારા કર્મનો બદલો સારો જ મળે કદાચ વિલંબ થાય પરંતુ ફળ ખરાબ મળતા નથી એ નીતિથી વ્યવહારો ચાલે છે. કર્મમમાં વિશ્વાસ બનાવી રાખવો એ વાસ્તવમાં એક પ્રકારની શ્રદ્ધા કે માન્યતા જ છે જેના પાયામાં આપણો સંસ્કારિતાનો વૈચારિક વારસો તથા વિવિધ ગ્રંથો - શાસ્ત્રો વગેરે છે. શ્રદ્ધા હોવી એટલે શું ? વ્યક્તિનું આત્મબળ અમુક માન્યતા કે ધારણાના લીધે ટકી રહે અથવા સંઘર્ષ કરવા માટે સંકલ્પશક્તિમાં વૃદ્ધિ કરે અથવા તો સંજોગો સામે સ્વયંની હાર માને નહીં તેનું નામ શ્રધ્ધા. શ્રદ્ધા કેટલી હશે એ દરેક વ્યક્તિની વય, ઉછેર, શિક્ષણ, સ્થળ, દિલની ઋજુતા ઉપર અવલંબે છે આ શ્રદ્ધાની ગુણવત્તા ઉપર જીવન સાફલ્યનો મોટો આધાર રહે છે. શ્રદ્ધા કોઈ સજીવ ઉપર હોય, સદ્ગુરુના વચનો પર હોય, ઈશ્વરના સ્વરુપ પર કે સ્થાનક આધારિત પણ જોવા મળે છે. શ્રદ્ધાની શક્તિમાં અવિરત પ્રવાહ મળતો રહે છે, શ્રદ્ધા દશ્યમાન હોતી નથી પણ શ્રદ્ધાપૂર્વર કરેલા કામોના પરિણામો નક્કર રૂપમમાં પ્રાપ્ત થાય એ હકીકત છે !! અતિ સંઘર્ષ અથવા વધુ સંકટ ઘણી વારવ્યક્તિને એટલી ભયંકર પીડા આપે છે કે તે બધી જ શ્રદ્ધા કે માન્યતામાંથી બહાર થઈ જાય છે અને ઈશ્વર જેવું પણ કંઈ નથી હોતું એમ માનવા લાગે છે!

શ્રદ્ધા જીવનનું ઉમદા તત્ત્વ છે. તેમાં કોઈ શંકા નથી પરંતુ અશ્રદ્ધા કે અંધશ્રદ્ધા પુષ્કળ રીતે જીવનને હારિકારક બને છે તે સમજતા લોકોને વાર લાગે છે. સત્ય જ સ્વયં સશક્ત હોય છે અને તેને કોઈ સાક્ષીની આવશ્યકતા નથી. ભગવાન કે ઈશ્વર અનેક સ્વરુપ છે અને શ્રદ્ધાના અગણિત સ્થાનો જોવા મળે છે. છતાં માનવ માનવ વચ્ચે આ ભેદ બાબતે કંકાસ, કકળાટ, ઉચાટ, વ્યગ્રતા જોવા મળે છે. ઈશ્વરે આ સૃષ્ટિને ઉત્પન્ન કરી છે તેમાં વૈવિધ્ય પૂરું ભર્યું છે અને તેનો લય પણ તેની મરજી વિના થતો નથી. સમાજ કોઈ પણ રાષ્ટ્રનો હોય તેને વાસ્તવમાં જરૂરતત છે સાચા વિકાસની અને ઉમદા જીવનની એટલે જીવનને કોઈ જીદભરી વિચારધારામાં કેદ કરવાની ચેષ્ઠા અંતે પ્રગતિ અવરોધક સાબિત થાય છે. સુપ્રીમ પાવર કે ઓથોરિટી કોઈક છે જે આ જગતને ચલાવે છે એટલું સમજાય તો માણસ કદાચ ગમે ત્યાં ભેરવાઈ જતા અટકી જાય છે. ઈશ્વર કરુણામય, પ્રેમમય, શક્તિમય અને પૂર્ણ પ્રકાશિત છે ત્યાં કોઈ ભેદ-જુદાઈ કે ન્યાય-અન્યાય જેવું હોતું નથી. પૃથ્વી ઉપર રહેનારાઓ એ બધું સ્વયંને અનુરુપ સર્જન કર્યું છે તેથી મતમતાંતર અને સમસ્યાઓ ઊભા થાય છે. સાચા-ખોટાનો ભેદ જો માણસને સમજાય જાય તો જીવનમાંથી અંધશ્રદ્ધાનો કકળાટ વિદાય થઈ જાય છે. શ્રદ્ધાની તાકાત એટલી કે જો રસ્તો ભટકી જવાય તો દિશાઓ અનુકૂળ થઈ જાય છે!! શક્તિ અને બુદ્ધિનો જયાં અંત આવે ત્યાંથી શ્રદ્ધાનો જન્મ થતો હોય છે અને બુદ્ધિનો જયાં અંત આવે ત્યાંથી શ્રદ્ધાનો જન્મ થતો હોય છે એટલે કે શ્રદ્ધાએ અતિ ગહન સત્વ જિંદગીનું હોય છે. વિષય બાબતે ક્ષીરનીર કરવાની કમીના લીધે અંધશ્રદ્ધાનો પ્રવેશ જાણે-અજાણ્યે થઈ જાય છે. ખાસ કરીને ધાર્મિકતાના મુદ્દે કોણ શ્રદ્ધાવાન છે યા નથી એ સમસ્યાનો હકીકતમાં માપી શકાય તેવા સાધનો હજી શોધી શકાયા નથી. જીવનના સંગ્રામમમાં માત્ર જીત જ મહત્ત્વની હોય પરંતુ જીત કઈ રીતે મેળવી તેની કોઈને પરવાર ના હોય ત્યારે લોકજીવનમાં નહીં પસંદ તેવું ઘણું પ્રવેશી જાય છે જે અંતે લોકોને મહાઆપત્તિના માહોલમાં ધકેલી દે છે!

વિવિધ ધર્મોની અંદર અનેક સંપ્રદાયો અને સ્થાનકો આવેલા છે તેમ છતાં સમયાંતરે આ બધામાં વહીવટ કર્તા કે ત્યાં પૂજાતા લોકો દ્વારા ગોરખધંધાના સર્જક હોવાના કિસ્સાઓ વારંવાર પ્રગટ થતા હોય છે અને તેમાં પણ નારી શોષણ મુખ્ય જોવા મળે છે. આ સમસ્યા માટે લોક જાગૃતિ, લોક શિક્ષણ, અંધશ્રદ્ધાનો અતિરેક જેવા કારણો જવાબદાર છે, કોર્ટના કિસ્સામાં ચુકાદાઓ આવે કે ના આવે પ્રત્યેક માનવની અંદર રહેલાં ન્યાયમંદિરનો અવાજ હરપલ આવતો જ રહે છે એ માનવીને સાંભળતો નથી. કાનૂન અંતે રક્ષણ, સુરક્ષા કે સમાજના હિત માટે બનાવવામાં આવ્યા છે પરંતુ કાનૂનની જીવન સ્વયં ચાલતું નથી. માનવીએ યોગ્ય રીતે સત્યના માર્ગે જાગૃત થઈને ચાલવાનું મહત્ત્વ છે. મંદિર મસ્જિદમાં જ ખુદા કે ઈશ્વર વસે છે એવું માનીને જ જીવવું એ સુખથી દૂર જવાની કમનસીબ વિચારધારા કહી શકાય, રામ કહો કે રહીમ કહો એ શક્તિથી જ વ્યક્તિ જીવે છે. જેનો હેતુ પરહીત નો પ્રભુ એ જ ઊભો કરેલો છે છતાં માનવ જ માનવને હણે, હત્યા કરે, છેતરે, શોષિથ કરે એ છેવટ તો ઈશ્વરનું ઉલ્લંઘન છે. સંસાર ત્યાગીને જતા રહ્યા પછી કામિની અને કલદારમાં મન ભ્રમણ કરતું હોય તો ઉત્તમ એ છેકે ફરીથી સંસારમાં આવી જવું પરંતુ ભક્તિના રંગમાં વાસનાપૂર્તિ કરતા રહેવું એ પાપ કર્મ છે. સત્ય અને પ્રેમનો માર્ગ શૂરાનો છે. સંસારમાં રહીને પણ વિરક્ત થઈ લોકસેવા થઈ શકે છે. સેવા કરવા નહીં અને સેવા મેળવવાની લાલચમાં તો લોકશાહી મરવા પડી હોય તેવો સમય ચાલે છે.

**શેર આસ્વાદ :**
**પરાર્થે તરે આંખમાં આંસુ જયારે**
**મળે મર્દને સ્ત્રીની ઊંચાઈ ત્યારે**
**(ઉમાશંકર જોશી)**